આસપાસ ચોપાસ

પાથરી

આંગણવાડીથી પ્રાથમિક શિક્ષણ સુધી: પાથરી ગામમાં બાળ વિકાસની સજ્જ વ્યવસ્થા

પાથરી ગામમાં બાળ વિકાસ અને શિક્ષણને વિશેષ મહત્ત્વ આપવામાં આવ્યું છે. નાનાં બાળકોના સર્વાંગી વિકાસથી લઈને પ્રાથમિક શિક્ષણ સુધીની સજ્જ વ્યવસ્થા ગામમાં ઉપલબ્ધ છે. ગામની આંગણવાડીમાં નાનાં બાળકો માટે રમકડાં, શૈક્ષણિક પ્રવૃત્તિઓ અને પોષણયુક્ત આહારની સુવિધા આપવામાં આવે છે, જેથી તેમની શારીરિક અને માનસિક વૃદ્ધિ મજબૂત બને. આંગણવાડી પછી બાળકો માટે ગામની પ્રાથમિક શાળામાં ધોરણ 1થી 8 સુધી શિક્ષણની વ્યવસ્થા છે. સુવ્યવસ્થિત અને આકર્ષક શાળા મકાન, સ્વચ્છ પરિસર અને આધુનિક શૈક્ષણિક સુવિધાઓ બાળકોમાં અભ્યાસ પ્રત્યે રસ વધારવામાં મદદરૂપ બની રહી છે. શાળાનાં આચાર્યા રેણુકાબેન પટેલ તથા શિક્ષકમંડળ સમર્પિત ભાવના સાથે વિદ્યાર્થીઓને ગુણવત્તાસભર શિક્ષણ, સંસ્કાર અને જીવનમૂલ્યો આપી તેમને સારા નાગરિક તરીકે ઘડવાનો પ્રયાસ કરી રહ્યા છે. આધુનિક ટેક્નોલોજીના ઉપયોગથી ગામનાં બાળકોને સમયાનુકૂળ શિક્ષણ મળી રહ્યું છે. આ રીતે પાથરી ગામમાં આંગણવાડીથી લઈને પ્રાથમિક શિક્ષણ સુધીની મજબૂત વ્યવસ્થા નવી પેઢીના ઉજ્જવળ ભવિષ્ય માટે મજબૂત પાયો તૈયાર કરી રહી છે.

દૂધમંડળી બની સમૃદ્ધિનું પ્રતીક

પાથરી ગામની આર્થિક પ્રગતિમાં પાથરી દૂધ ઉત્પાદક સહકારી મંડળી લિ.નું યોગદાન મહત્ત્વપૂર્ણ અને પ્રેરણાદાયી રહ્યું છે. વર્ષ-1988માં સ્થાપિત થયેલી આ મંડળી આજે ગામના પશુપાલકો માટે જીવનરેખા સમાન બની છે. વલસાડ જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ હેઠળની 1114 મંડળીમાં પાથરી દૂધમંડળી અગ્રણી સ્થાન ધરાવે છે, જે ગામની સહકાર ભાવના અને સક્રિયતાનું પ્રતિબિંબ છે. મંડળીના પ્રથમ પ્રમુખ વિનોદરાય એમ. પટેલના માર્ગદર્શનથી શરૂ થયેલી આ સંસ્થા આજે 392 સભાસદ સાથે મજબૂત રીતે કાર્યરત છે. ગામના પશુપાલકો છેલ્લાં 35 વર્ષથી દૂધમંડળી દ્વારા સ્થિર આવક મેળવી રહ્યા છે. દર વર્ષે લાખો રૂપિયાનું ગાય અને ભેંસનું દૂધ એકત્રિત થતું હોવાથી ગામના પરિવારોની આર્થિક સ્થિતિમાં નોંધપાત્ર સુધારો થયો છે. પારદર્શક અને સુવ્યવસ્થિત વહીવટ માટે નવ સભ્યોની કમિટી કાર્યરત છે. હાલ પ્રમુખ મિતેશભાઈ આર. પટેલ અને મંત્રી કમલેશભાઈ એન. પટેલના નેતૃત્વ હેઠળ મંડળી નવી ઊર્જા સાથે આગળ વધી રહી છે. નવસારી કૃષિ યુનિવર્સિટીના નિષ્ણાતો દ્વારા પશુઓની નિયમિત આરોગ્ય તપાસ, આધુનિક સાધનોનો ઉપયોગ અને ગુણવત્તા જાળવણીને કારણે મંડળીનું ઓડિટ સતત શ્રેષ્ઠ વર્ગમાં આવે છે. પશુપાલકોને લોન, ઘાસચારો, પશુ ખરીદી, કોઠારી નિર્માણ, ખોરાક અને પાણી જેવી સુવિધાઓ ઉપલબ્ધ કરાવવામાં આવે છે. ગામમાં સેંકડો ગાય-ભેંસો અને અન્ય પશુઓ સાથે પશુપાલન એક મજબૂત આવક સ્ત્રોત બની ગયું છે. પાથરી દૂધમંડળી આજે માત્ર દૂધ સંગ્રહ કેન્દ્ર નહીં, પરંતુ સહકાર, સ્વાવલંબન અને ગ્રામ સમૃદ્ધિનું જીવંત મોડેલ બની ગઈ છે.

આસ્થાની આરતીથી ગૂંજે છે ગામ, પાથરીમાં ભક્તિ, સંસ્કાર અને એકતાનો પાવન સ્પર્શ

પાથરી ગામનું જીવન માત્ર દૈનિક વ્યવહાર પૂરતું નથી, પરંતુ અહીં દરેક શ્વાસમાં ભક્તિ અને શ્રદ્ધાનો અહેસાસ થાય છે. ગામનાં વિવિધ મંદિરો માત્ર ધાર્મિક સ્થળો નથી, પરંતુ ગામલોકોના વિશ્વાસ, સંસ્કાર અને લાગણીઓનાં જીવંત કેન્દ્રો છે. ગામમાં આવેલું આઈ શ્રી ખોડિયાર માતાનું મંદિર આહીર સમાજના સંચાલનમાં ભક્તિભાવથી ધબકતું રહે છે. સવાર-સાંજ આરતીના ઘંટનાદ સાથે ભક્તિમય વાતાવરણ છવાઈ જાય છે. દર વર્ષે માતાજીની કૃપા ગામ પર અખંડિત રહે તેવી પ્રાર્થના સાથે વિશેષ પૂજા અને સંગીતમય ભજન-ડાયરાનું આયોજન થાય છે, જે ભક્તિના રંગોથી સમગ્ર ગામને ઓતપ્રોત કરી દે છે. અંબિકા કોલોનીમાં આવેલું અંબે માતાનું મંદિર પણ આસ્થાનું પાવન કેન્દ્ર છે. વાર્ષિક ઉત્સવ દરમિયાન રાસ-ગરબા, નાટકો અને સાંસ્કૃતિક કાર્યક્રમો દ્વારા ભક્તિ અને આનંદનો અનોખો માહોલ સર્જાય છે. મહાપ્રસાદના પ્રસંગે આખો વિસ્તાર પરિવાર સમાન એકતામાં બંધાઈ જાય છે. જાગૃતિ મહોલ્લામાં આવેલું જળદેવી માતાનું મંદિર પણ ભક્તોની લાગણી સાથે જોડાયેલું સ્થાન છે. સાથે સાથે સ્વામિનારાયણ ભગવાનમાં આસ્થા ધરાવતા ભક્તો પોતાના ધાર્મિક પ્રસંગો ઉજવે છે અને ગાયત્રી માતાની આરાધના દ્વારા આધ્યાત્મિક શક્તિનો અનુભવ કરે છે. આ રીતે પાથરી ગામમાં ધર્મ માત્ર વિધિ નથી, પરંતુ જીવનની લાગણી છે. જ્યાં ભક્તિથી હૃદય જોડાય છે, સંસ્કારથી પેઢીઓ ઘડાય છે અને એકતાથી ગામ પરિવાર બની જાય છે.

પાથરી ગ્રામ પંચાયત દર્પણ

સરપંચ: નરેશભાઈ છગનભાઈ હળપતિ
ઉપસરપંચ: કરિશ્માબેન રાકેશભાઈ હળપતિ
સભ્ય: બાલુભાઈ ધીરુભાઈ પટેલ
અશ્વિનભાઈ નટુભાઈ હળપતિ
શીતલબેન પરેશભાઈ હળપતિ
નિલેશભાઈ જગદીશભાઈ રાઠોડ
બુધાભાઈ ભીખાભાઈ આહીર
વૈશાલીબેન મિતેશભાઈ પટેલ
સુમિત્રાબેન અશોકભાઈ હળપતિ
તલાટી કમ મંત્રી: સ્વાતિબેન ચૌહાણ
પંચાયત કર્મચારી: અશોકભાઈ હળપતિ

સરપંચ
નરેશભાઈ હળપતિ

ઉપસરપંચ
કરિશ્માબેન હળપતિ

તલાટી કમ મંત્રી
સ્વાતિબેન ચૌહાણ

મહિલા મંડળો લખી રહ્યાં છે બદલાવની કહાની

ગામના વિકાસમાં મહિલાઓ આજે સક્રિય અને મહત્ત્વપૂર્ણ ભૂમિકા ભજવી રહી છે. મહેનત, આત્મવિશ્વાસ અને એકતાના બળે તેઓ આત્મનિર્ભરતાની દિશામાં મક્કમ પગલાં ભરી રહી છે. ઘરગથ્થુ જવાબદારીઓ સાથે સાથે ખેતી, પશુપાલન અને આવકવર્ધક પ્રવૃત્તિઓમાં જોડાઈ મહિલાઓ પરિવારના આર્થિક સશક્તિકરણમાં મહત્ત્વનો ફાળો આપી રહી છે. સ્ત્રી સશક્તિકરણને પ્રોત્સાહન આપવા માટે ગામમાં વિવિધ મહિલા જૂથો કાર્યરત છે. મરી-મસાલા બનાવતાં સમૂહો, પશુપાલન જૂથો અને કિચન ગાર્ડન જેવી પ્રવૃત્તિઓ દ્વારા મહિલાઓ સ્વરોજગાર તરફ આગળ વધી રહી છે. આ પ્રયાસો તેમને માત્ર આવક જ નથી આપતા, પરંતુ આત્મસન્માન અને આત્મવિશ્વાસ પણ વધારતા બની રહ્યા છે. ઉપરાંત ગામની મહિલાઓ સામાજિક અને સાંસ્કૃતિક કાર્યક્રમોમાં પણ એકતાભાવ સાથે ભાગ લઈ રહી છે, જેના કારણે સમાજમાં સહકાર અને સકારાત્મકતા વધતી જોવા મળે છે. મહિલા મંડળોની આ સક્રિયતા આજે ગામમાં પરિવર્તન અને પ્રગતિનું મજબૂત પ્રતીક બની રહી છે.

યુવાનોની ઊર્જા, ગામનું ગૌરવ

પાથરી ગામના પટેલ ફળિયામાં કાર્યરત ઓમ સાઈ પટેલ યુવકમંડળ આજે માત્ર એક સંગઠન નથી, પરંતુ યુવાનોનાં સપનાં, સંકલ્પ અને એકતાનો જીવંત ધબકાર બની ગયું છે. ગામના યુવાનો પોતાની શક્તિ અને સમયને સકારાત્મક દિશામાં વાપરી રમત, સંસ્કાર અને સમાજસેવાનું સુંદર સંતુલન ઊભું કરી રહ્યા છે. મંડળ દ્વારા સંચાલિત નયનરમ્ય ક્રિકેટ મેદાન યુવાનોની ઊર્જા અને પ્રતિભાનું કેન્દ્ર બની ગયું છે. ગણદેવી તાલુકાનાં વિવિધ ગામોની ટીમો અહીં દિવસ અને રાત્રિ ક્રિકેટ ટૂર્નામેન્ટમાં ભાગ લેવા આવે છે. પાથરીની ટીમે પોતાના શ્રેષ્ઠ પ્રદર્શનથી તાલુકામાં આગવી ઓળખ મેળવી છે. ટીમને આગળ વધારવામાં મિતેશભાઈ, નયનભાઈ, મયૂરભાઈ અને પ્રોત્સાહક સંદીપભાઈનો લાગણીસભર ફાળો રહ્યો છે. રમતગમતની સાથે સાથે મંડળ દ્વારા ભજનમંડળનું સંચાલન કરવામાં આવે છે, જે ગામમાં આધ્યાત્મિક અને સાંસ્કૃતિક વાતાવરણ જાળવી રાખે છે. ગણેશોત્સવ, જન્માષ્ટમી, હોળી, દિવાળી અને મકરસંક્રાંતિ જેવા તહેવારો યુવાનોની આગેવાનીમાં એકતા અને ઉત્સાહ સાથે ઉજવાય છે, જે સમગ્ર ગામને જોડવાનું કામ કરે છે. ઓમ સાઈ પટેલ યુવકમંડળ આજે એક સંદેશ આપી રહ્યું છે. જ્યારે યુવાનો જોડાય છે, ત્યારે માત્ર રમત નહીં, પરંતુ ગામનું ભવિષ્ય ઘડાય છે. આ મંડળ પાથરી માટે આશા, ઊર્જા અને સંસ્કારનું પ્રેરણાદાયી પ્રતીક બની ગયું છે.

મોરારકાકા બન્યા લોકોના વિશ્વાસનું નામ

પાથરી ગામના વિકાસ અને જનહિતની વાત આવે ત્યારે મોરારભાઈ પટેલ, એટલે કે 'મોરારકાકા'નું નામ અખૂટ વિશ્વાસ સાથે લેવામાં આવે છે. ગ્રામ પંચાયતના પ્રથમ સરપંચ તરીકે તેમણે સતત 35 વર્ષ સુધી બિનહરીફ ચુંટાઈ આવી સેવા આપી હતી. આ સમયગાળો માત્ર એક કાર્યકાળ નહોતો, પરંતુ ગામ પ્રત્યેના સમર્પણ, પારદર્શિતા અને નિષ્કામ સેવાભાવનું જીવંત ઉદાહરણ હતો. મોરારકાકાએ ગામના સર્વાંગી વિકાસ માટે દૂરંદેશી આયોજન કર્યું હતું. 1951માં જાપાનીઝ પદ્ધતિથી ડાંગરની ખેતીનો પ્રયોગ કરીને ગામને આર્થિક રીતે મજબૂત બનાવવાનો પ્રયાસ કર્યો, જેમાં તેમને સફળતા મળી અને વધુ ઉત્પાદન બદલ રાજ્ય કક્ષાનું પ્રથમ ઈનામ પ્રાપ્ત થયું હતું. યુવાનોના સર્વાંગી વિકાસ માટે પણ તેઓ ચિંતિત રહેતા. ગડત હાઈસ્કૂલના વિદ્યાર્થીઓમાં શિસ્ત, સહનશક્તિ અને સંઘર્ષની ભાવના વિકસે એ માટે તેમણે 106 માઈલની પગપાળા યાત્રાનું આયોજન કરાવ્યું હતું, જેના બદલામાં કોંગ્રેસ સેવાદળે તેમને 'ઊગતા મુસાફર'નું બિરુદ અર્પણ કર્યું હતું. 1942ની 'હિન્દ છોડો' ચળવળ દરમિયાન સ્વતંત્રતાસેનાનીઓની ભૂગર્ભ પ્રવૃત્તિઓમાં પણ તેમનું યોગદાન રહ્યું હતું. સાદગીભરેલું જીવન અને ગામના હિતને સર્વોચ્ચ સ્થાન આપનાર મોરારકાકાનું વ્યક્તિત્વ આજે પણ પાથરી માટે ગૌરવ અને નવી પેઢી માટે પ્રેરણાનું પ્રતીક બની રહ્યું છે.

લોકભાગીદારીથી ઊભો થયો આર.ઓ. પ્લાન્ટ

પાથરી ગામમાં લોકસહકાર અને સામૂહિક સંકલ્પનું એક સુંદર ઉદાહરણરૂપ જોવા મળે છે. અહીં પાણીની ટાંકી ઉપરાંત મિનરલ વોટર પ્લાન્ટ છે. જે છેલ્લાં કેટલાંય વર્ષોથી સતત ગ્રામજનોને શુદ્ધ પીવાનું પાણી પૂરું પાડી રહ્યો છે. ગામલોકોના સ્વાસ્થ્યને ધ્યાનમાં રાખીને ગ્રામ પંચાયતના માર્ગદર્શન હેઠળ અને સમગ્ર ગામના લોકફાળાથી આ પ્લાન્ટ સ્થાપિત કરવામાં આવ્યો હતો. પ્લાન્ટની સ્થાપનામાં ગામના અનેક દાતાઓ અને સેવાભાવી પરિવારોનું મહત્ત્વપૂર્ણ યોગદાન રહ્યું છે. મકાન, આર.ઓ. સિસ્ટમ, ઠંડક વ્યવસ્થા અને સોલાર સુવિધાઓ માટે અલગ-અલગ દાતાઓએ સહકાર આપ્યો હતો. ગામના દરેક સમાજના આગેવાનો અને લોકોએ મળીને આ જનહિતના કાર્યને સાકાર બનાવ્યું છે. આ વ્યવસ્થા "ન નફો, ન નુકસાન"ના ધોરણે સંચાલિત થાય છે, જેના કારણે ગામલોકોને માત્ર 8 રૂપિયામાં 20 લીટર શુદ્ધ અને સુરક્ષિત પાણી ઉપલબ્ધ થાય છે. 15 સભ્યોની સંચાલક સમિતિ અને એક કર્મચારી દ્વારા 24 કલાક સેવા જાળવવામાં આવે છે. દર મહિને આવક-જાવકનો હિસાબ પારદર્શક રીતે સમિતિ સમક્ષ રજૂ કરી મંજૂર કરવામાં આવે છે. આ મિનરલ વોટર પ્લાન્ટ માત્ર પાણી પૂરું પાડતી સુવિધા નહીં, પરંતુ ગામની એકતા, પારદર્શિતા અને સહકારની ભાવનાથી સર્જાયેલું સ્વાવલંબન અને જનસેવાનું પ્રેરણાદાયી મોડેલ બની ગયું છે.

કોમ્યુનિટી હોલ

ગ્રામ પંચાયત કચેરી

પેટા આરોગ્ય કેન્દ્ર

વન કુટિર

નાનું ગામ, મોટાં સપનાં, શિક્ષણથી પાથરીએ રચ્યો પ્રગતિનો માર્ગ

શિક્ષણ વિકાસ અને પ્રગતિનું સૌથી શક્તિશાળી સાધન છે, અને પાથરી ગામ તેનો જીવંત ઉદાહરણ બની રહ્યું છે. આશરે બે હજારની વસતી ધરાવતું આ નાનું ગામ આજે શિક્ષણના બળે વિવિધ ક્ષેત્રોમાં પોતાની ઓળખ બનાવી રહ્યું છે. ગામમાંથી અનેક યુવાનો તબીબી, ઈજનેરી અને અન્ય વ્યાવસાયિક ક્ષેત્રોમાં આગળ વધી રહ્યા છે. ગામના ડો.નિસર્ગ બી.પટેલે એમ.ડી. સુધી અભ્યાસ કરી પાટણમાં પોતાની હોસ્પિટલ દ્વારા સેવા આપી રહ્યા છે. બીનીતા પટેલ મુંબઈમાં ડેન્ટિસ્ટ તરીકે કાર્યરત છે, જ્યારે ઈશા પટેલ ફિઝિયોથેરાપી ક્ષેત્રે અભ્યાસ કરી રહ્યાં છે. શારવિલ પટેલ અને મીત પટેલ ઈજનેર તરીકે કાર્ય કરી રહ્યા છે, તો અભિ પટેલ અને એની પટેલ વિદેશમાં ઉચ્ચ અભ્યાસ કરી રહ્યાં છે. દિશા પટેલ બી.એસસી. નર્સિંગનો અભ્યાસ કરી આરોગ્ય ક્ષેત્રે આગળ વધી રહી છે. ગામે શિક્ષણ ક્ષેત્રે પણ અનેક સમર્પિત શિક્ષકો આપ્યા છે. રવિન્દ્રભાઈ પટેલ, ઠાકોરભાઈ પટેલ અને ગણપતભાઈ રાઠોડે શિક્ષણ સેવા આપી છે. ડો.ઠાકોરભાઈ પટેલ નિવૃત્તિ બાદ પણ સમાજસેવામાં સક્રિય રહી દર વર્ષે સમાજની વાડી માટે દાન આપતા રહ્યા હતા. પ્રથમ સરપંચ મોરારકાકાએ પણ સમાજહિત માટે ઉદાર સહાય કરી હતી. ઉપરાંત અનેક યુવાનો રોજગાર માટે મુંબઈ અને અન્ય શહેરોમાં કાર્યરત છે, જ્યારે નવી પેઢી પણ ઉચ્ચ શિક્ષણ તરફ આગળ વધી રહી છે. નાનકડું પાથરી ગામ આજે શિક્ષણના પ્રકાશથી પ્રગતિનાં નવાં શિખરો સર કરી રહ્યું છે.

કુદરતી સંપત્તિ અને પર્યાવરણ સંવેદનશીલતાના કારણે ગામની વિશિષ્ટ ઓળખ: ત્રણ તળાવ થકી ગામની સુંદરતામાં વધારો

પાથરી ગામ કુદરતી સંપત્તિ અને પર્યાવરણ સંવેદનશીલતાના કારણે વિશિષ્ટ ઓળખ ધરાવે છે. ગામમાં લીલોઈ તળાવ, ડાભડિયું તળાવ અને ગામના મધ્યમાં આવેલું વીસ વીઘાંનું તળાવ – એમ ત્રણ તળાવો આવેલાં છે, જે માત્ર જળસંગ્રહનું સ્ત્રોત જ નહીં, પરંતુ ગામની સુંદરતા અને જીવનધારા તરીકે મહત્ત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે. એક સમય એવો હતો જ્યારે શિયાળાની ઋતુમાં વિદેશી પક્ષીઓ મોટી સંખ્યામાં અહીં આવાસ બનાવતાં હતાં. ગામલોકોની સંવેદનશીલતા અને પક્ષીઓ પ્રત્યેની સહાનુભૂતિના કારણે તેઓ અહીં નિર્ભયતાથી રહેતા. આ અનોખું કુદરતી દૃશ્ય જોવા માટે રાજ્યપાલો, રાજકીય આગેવાનો અને અધિકારીઓ પણ પાથરીની મુલાકાત લેતા હતા. નવસારી કૃષિ યુનિવર્સિટીના માર્ગદર્શન હેઠળ રાજ્ય સરકારની યોજના અંતર્ગત તળાવોમાં વૈજ્ઞાનિક પદ્ધતિથી મત્સ્યપાલન પણ કરવામાં આવ્યું હતું, જેના કારણે ગામને આર્થિક લાભ મળ્યો હતો. તળાવોની આસપાસ પશુઓ માટે પાણી પીવાની સુવિધા તરીકે ઓવારાઓ બનાવવામાં આવ્યા છે. ઉપરાંત ખેડૂતોને ખેતી ઉત્પાદનો ધોવા અને મહિલાઓને કપડાં ધોવાની સુવિધા પણ ઉપલબ્ધ કરવામાં આવી છે. આ તળાવો આજે માત્ર પાણીનો સ્ત્રોત નહીં, પરંતુ કુદરત, જીવન અને ગામના સંવર્ધનનું પ્રેરણાદાયી પ્રતીક બની રહ્યાં છે.

ગામનું જીવન સુવ્યવસ્થિત, પીવાનું શુદ્ધ પાણી, પાકા રસ્તા, વીજળી અને અન્ય મૂળભૂત સુવિધાઓ ઉપલબ્ધ

વ્યસનમુક્તિ માટે 30 વર્ષથી કાર્યરત સ્વામિનારાયણ આત્મીય મંડળ

સમાજને વ્યસનમુક્ત બનાવવા માટે સ્વામિનારાયણનું આત્મીય મંડળ છેલ્લા લગભગ 30 વર્ષથી સતત કાર્યરત છે. મંડળ દ્વારા વ્યસનમુક્તિ અંગે જાગૃતિ ફેલાવવા સાથે ધાર્મિક અને સંસ્કારાત્મક પ્રવૃત્તિઓનું આયોજન કરવામાં આવે છે. હાલમાં આ મંડળમાં અંદાજે 70 જેટલા ભાઈઓ અને બહેનો સક્રિય રીતે જોડાયેલા છે. મંડળ દ્વારા નિયમિત સત્સંગ સભાઓ તેમજ સંસ્કાર બાળ સભાનું આયોજન કરવામાં આવે છે, જેથી નવી પેઢીમાં સારા સંસ્કારો વિકસે અને બાળકો તથા યુવાનો વ્યસનોથી દૂર રહે તે માટે માર્ગદર્શન આપવામાં આવે છે. આ પ્રવૃત્તિઓમાં મુખ્ય કાર્યકર્તા તરીકે દિનેશભાઈ પટેલ અને અનિલ ગંધર્વ મહત્વપૂર્ણ સેવા આપી રહ્યા છે. તેમની આગેવાની હેઠળ આત્મીય મંડળ સમાજમાં વ્યસનમુક્તિ અને સકારાત્મક જીવનશૈલી અંગે સતત જાગૃતિ લાવવાનો પ્રયાસ કરી રહ્યું છે.

(માહિતી સંકલન અને તસવીર : ભાવેશ રાણા-નવસારી)